મુંબઇમાં જાગેલું દીન.

અથવા

મુસલમાનોએ પારસીઓપર મચાવેલું હુલડ

ભાગ પેહેલો.

સુબોધેચ્છક સ્વદેસિઓને સારૂ.

છંદ, હોરી, ગરબી અને બીજા રાગમાં રચ્યું.

મુંબઈ:

પારસી પ્રિંટીંગ પ્રેસમાં પાલનજી નસરવાનજી
ખંભાતાએ છાપ્યું
નં ૪૨૫ પ્યારા કુવા રોડ ચોકસી બજાર.

૧૮૭૪

કીંમત બે આના.

મુંબાઈમાં જાગેલું દીન.

અથવા

મુસલમાનોએ પારસીઓપર
મચાવેલું હુલડ.

ભાગ પેહેલો.

સુબેચ્છક સ્વદેસિઓને શારૂ.

છંદ, હોરી, ગરબી અને બીજા રાગમાં રચ્યું.

મુંબઈ:

પારસી પ્રિંટીંગ પ્રેસમાં પાલનજી નશરવાંનજી
ખંબાતાએ છાપ્યું
નં. ૪૨૫ ખારા કુવા રોડ ચોકસી બજાર

૧૮૭૪

કીંમત બે આના.

હુલડની સરૂઆત

લાવણી.

(લાલ તારેને મારે બાળ પણાની માયા,
    આપ્રીત લગાડી કેમ વેગળા થાયા—એ રાગ)
દિન જાગ્યું મુંબઇ શેહેર કહું આવારે,
તે જન શું સમજી લાગ્યુ થશે ખાવારે.   ટેક.
સન અઢાર ચુંમોતેર તણી બલીહારી,
ફેબ્રુ તારીખ તેરમી ઘણી મત વારી,
શું કારણ જાગ્યું દીન કહું છું ભાઇ,
ચરચા કરી મુસલમાન ધર્મની આંહી;
ચરચાકરનારો એક પારશી નામે,
રસ્તમ હોરમજી એ કર્યું શું કામે. દીન. ૧.
મહમદ પેગંબર મુસલમાનનો જે છે,
જેની જીંદગાણી તણો હેવાલો એ છે;
તેનું એક પૂસ્તક બહાર છપાવી પાડ્યું;
જેણે રસ્તમજી નામ એક શું કાડ્યું ;
રસ્તમજીએ અંગરેજી પરથી કરીયું,
    હશે પરે મઝી [illegible]નું કંઇ ધરિયું. દીન. ૨

કંઈહશે નવીન મહિ બોજ બગાડી લખીયા,
સાચાપરથી શું ? અંદર જુઠા ધરીયા;
અંગરેજી પરથી કર્યું ટ્રાન્સલેશન,
અંગરેજી લખનાર બ્રીટીશ નેશન;
ત્યારેતો મુસલમાન નહીં કંઈ વદીઆ,
શું કારણ મુસલમાન થયા અહી રદીઆ. દી. ૩
સાચામાં જુઠું કદી નહીં ભેળવાએ,
જો ભેલવાએતો ખરે આગ સળગાએ;
સાચું એ પુસ્તક હોત બરાબર જયારે,
નહી થાતે મુંબઇ શેહેર ઝઘડો ત્યારે;
ફરતમજી તુંતો છાપ છપાવી ચડીઓ,
હીંદુ અગ્રેજ પારશી મુસલને નડીઓ. દીન. ૪.
મુસલમાનના ધરમ તણી કરી ચરચા,
શુ લેવા તેં આ કરી કપાલે અરચા;
સન અઢાર એકાવન હતો જેવારે,
આવુ હુલડ તવ મચ્યું હતું તેવારે;
તે લખવા દીલગીરી ઘણોઉં બાઇ,
રાંકડીઆ પારશી રહયા માર ખુબ ખાઇ. દીન. ૫
ઉપલી ખીનાને થયા કંઇ દીન ઝાઝા,
તે શો જાણે દીન રાય રંકને રાજા;
કેવતમાં શિરા જેવાન બાંધી પુછરડી,
ત્યા વિનાં કેમ રહે ઓઢી કુકડી;

ઊંટ મરવા જ્યારે થાએ જુવે મારવાડ,
ઘોધાએ વાધરી હસ્ત ખરે ધારવાડ. દીન. ૬.
જે કપટી હોએ તે કપટ તણી ગત જાણે,
જે ભોળા હોએ તે મંન તણી નહી આણે ;
આ જગમાં એવા હશે ખરે જંન કોઈ,
પાછળ પરતાઇ રહે શીર જઈ રોઇ ;
એક બીજાનો શત્રુ તેતો થાએ,
તો કેમ કરીને તેનાથી રહેવાએ. દીન. ૭.

દોહરા.

તેવી રીતે આહીં થયું, મુંબઈ બેટ બજાર ;
જાણે જન ઘોબી ઘણા, ખાટકી કોલી લવાર. ૧.
રણ શુરા રણમાં ચડે, થાએ હાહા કાર;
કિકિઆરી કરીને પડે, મરે મારામાર. ૨.
તેમજ તારીખ તેરમી, ફેબ્રુવારી માસ ;
સવંત અઢાર ચુંમોતેર, મુંબઈ નાસાનાસ. ૩.
સવંત ઓગણી વીસના, માહાવદ એકાદસ[૧];
શનવારી પાંચમો, છવિસ રોજે જૂસ. ૪.
સુકવાર તે દીન હતો, મુસલમાનનો નેક,

૧ અગીઆરસ

પારસીઓપર તુટી પડ્યા, જાણી જોઇ છેક. ૫.
મુસલમાન ભેગા થઇ, મનમાં આણ્યું એક;
ધર્મ વિરૂધ (ની) ચરચા કરે, તેને મારો છેક. ૬.
તેથી તેનામાં થઇ, મોટી કંઇ તકરાર;
શ્રીમંત જંન કોઇ કહે, કરશો ન મારામાર. ૭.

મુસલમાનોની મીટીંગ.

કુંડળીઓ છંદ.

મુસલમાન નકી કરે, સભા ઠરાવો આજ
સંપ કરો સૌજન મળી, ત્યારે રહેશે લાજ
ત્યારે રહેશે લાજ, સભા કરવા જગ સોધી
જોયખાનાની વિચ, જગા મહમદની નોંધી
મહમદ ઇબ્રરાએલ, તણી જોવા જગ કુળ
સભા મળી શો જાય, જે છે સઘળા મુસલ. ૧.

૨

સભામળી ગ્રહસ્થો ઘણા, જે છે તે હુંશિઆર
લખવા મત તેનું ધર, નામ સહીત નિર્ધાર
નામ સહીત નિર્ધાર, કાજી અબદુલ લતીફ

કમરૂદીન તઇએગ, તથા મુનશી અલીદ
એવિનાં તણી ખુબ, હળી મળી ઠોક ખભા[2]
વાહવાહરેવાહ, ભલી કહીએ આ સભા[3] ૩.
સભાસદ સૌએ મળી, ધાર્યું મનમા એક
કોઇ તરેનો આ પણે, ન કરવો ઝઘડો છેક
ન કરવો ઝઘડો છેક, સમજી બેસી રહેવું
જુદા કરે શિર પર, તે માથે લેઇ લેવું
પણ સમજ્યા નહીં કોઇ, આખર મેહેલી મભા
કરી ખરાબી ઘણી, વાહજન બેઠયા સભા ૩.

શુકરવારનું હુલ્લડ

કુંડળીઆ છ.૬.

૪

બારકોટમાં જાગીયું, મુસલમાનનું દીન[1]
જુમા જે કહેવાય તે, મસીદમાંહી દીન
મસીદમાંહીં દીન, વાર શુકર કહેવાએ;
બાર વાગતાં થયું; હુલ્લડ સઘળું, જોવાએ.
માં સમજી દીન, પડયા તુટી શું સાર

. ૨ ખભા. ૩ સભા.

ખરે પારસી જન, તણા ભાગ્યા અહીં બાર. ૧.

રોલાવૃત.

આસો માટો કેર, જાગ્યો મુંબઈ શેહેર;
મુસલમાનનું દીન, જોવાને શું લેહેર; ૧
પોલીસ જાણે પેહેલ, કંઇ થાશે તોફાન;
ત્યારે શું કારણે, ધર્યું એણે નહીં કાન. ૨
પોલીસ કમીશનર, સૌટર જે કહેવાએ;
થયો તવ આહાકાર, ત્યારે (તે) અહીં કહિ ધાએ. ૩
પારસી જનને મન, પ્રથમ ખાતર કંઇ ઝુઠી;
તે સઘળી થઇ વ્યર્થ, અણુવિશ્વાસે સુતી. ૪
મસીદમાંહીજંન, હતા મુસલમાનો તે;
શિખ દેઇ નહીં હશે, કાજી જે થાણો તે. ૫
કાજીની નહીં શિખ, માની તેણે તણીઆં
મસીદથી નિંકળી, પાએધુની ઊજ હીંઆ. ૬
કરે શબ્દ પોકાર, અણછાજતા કંઇ એવા;
તેથી રહેલા મહી, કંસારાવાડ કહેવા. ૭
એક એકની સાથ, બાઝ્યા ખેલંતા ચાલે;
શું કહું આજે રાજ, ફીકર વીન એ તો માલે. ૮

દોહરો.

મસીદમાંથી આવતાં, મળયો કાન્સટેબલ;
જેનો ક્રોધ ગામે નહી, તે આકુળ વિકળ. ૧

ચોપાઈ.

ફરામજીને માર્યો માર, ઘર તેના આગળ આ વાર;
સોટા મારી મુક્કી ઘાય, દેખી પોલીસ સામી થાએ, ૧
આ તવ દેખી હરખે કોણ, પારસીઓનો કાઢે ધાણ;
ફરામજી અંગે છે શુદ્ધ, જેની સુંદર જોવા બુધ. ૨
રહી નહીં સરદારોની લાજ, ફરામજીને દેખી આજ;
તેના ઘરને કર્યું નુકસાન, નહીં તવ તેનુ કાંઇ માન ૩
ભલો ભીખારો પારસી એહ, મુસલ હસ્તે આવ્યો તેહ;
પોલીસ એકદમ આવી પડી, મુસલમાનને તે તો નડી. ૪
દેખી પકડી ઝાલે જેમ, ગયા છાનામાના તેમ;
પકડાએ લાકડીઆ કેદ, મુકે નહીં પારસીનો એદ. ૫
ત્યાર પછી તો મોટુ થયુ, તે દેખીને હઇયુ ગયું;
તેનો કહુછું નીચે સાર, માંડીને સઘળો વિસ્તાર. ૬

અલાઇ બાગ આગળ થએલી નુકસાની.

રાગ ઓખાહરણ

મુંબઇ માંહી અબાઇ બાગ, તે તો જાણે મોટો નાગ;
હોરી માંહી ઊડે ગુલાલ, અહીં ઉડે સોટા તાલ. ૧
એજ પ્રમાણે દવાખાનું, પેસ્તનજી મંચેરજીનું;
તેમાં પેસી મુસલમાન, જેને કાંઇ જરા નહીં ભાન. ૨
મારો મારો મુખે એમ બોલે, સોટા લાતો મારી દ્વાર ખોલે;
દવાખાનું નકી કીધું, પારસીએ મન નહીં ધરીયું. ૩
હાય હાય કરીને પોકારે, જાણ થાએ ખબર સરકારે;
દવાખાનામાં જે જે જણસો, દેખી ફોડે મુસલ માણસો. ૪
જે રણમાં રણ દેખી ચઢતા, સરકારથી તે નહીં ડરતા;
અરે રૂસ્તમજી તેં શું કીધું, પારસીએ મન માહીં
ધરીયું. ૫
ખાડો ખોદે તે જન પડશે, ત્યારે કોઇ નહીં કાને ધરશે;
રૂસ્તમજી મુકી પેટ, ગયા દમણ ઉત્તાર ઠેઠ. ૬
તેનો શુંજ થયો હેવાલ, તેની હજુ મળી નહીં ભાળ;
એવું સાંભળીયું જન દંત, પારસીનો ન છોડે વંત. ૭
પછી પુસ્તકખાનું પેખી, જોઇ સઘળું ફેક્યું દેખી;
તેના ઘરને કર્યું નુકસાન, પાણી પીવા ખાવા નહીં

પાં

જેની સ્ત્રીઓના કાળજા ખસીઆં, તેના હજુ સુધી
નહીં ઠરીઆં;
પારસી એજે ચરચા કીધી, મુસલમાનની સિક્ષા લીધી. ૯
પોલીસ શું બીચારી કરશે, ઉપરી મન શું નહીં ધરશે;
સરકાર બીચારી છે મોટી, જેની જગમાં મળે નહીં
જોટી. ૧૦
આ વખત ક્યાંથી આવ્યો, મુસલમાનને ક્યાં લાગ ફાવ્યો;
મુસલમાનને વિચાર હોત, લકડી રૂસ્તમજી સોત. ૧૧
બાંધી સરકારને આવ્યો હોત, સૌ પારસી દુખી ન હોત;
કંઈ ભુલ્યાછે પારસી જન, તેમ ભુલ્યાછે મુસલમાન. ૧૨
કોઈને મારે ધીબધબાકે, કોઈના મુખ તોડે લપડાકે;
કોઈએ ખાધો મુકીનો માર, થયો પેસ્તનજી લાચાર. ૧૩
દેખી દયા શું નહીં ઉપજે, જ્યારે થાએ આવી રસુજે;
સોના રૂપાનું જે કાંઈ દીઠું મુસલમાનને લાગે મીઠું ૧૪
કોઈએ ચોર્યાં ખરા દાગીનારે, હીરા જડીત કઈ નગીનારે;
જેમ પોલીસ મારે માર, મુસલમાનને મળે તાળ. ૧૫
આવુ વાંચ્યું પત્રો ઘણામાં, કંઈ કઈ બીના તે તે તણામાં;
ઘણું લખીએતો મોટુ થાએ, અન્નાઈબાગ ઝઘડો થાએ ૧૬
જીજીભાઈ ધનજીભાઈ કહેવાય, ખંડલા વાળા નામે
ઓળખાય,
[illegible]ના ઘરમાં કરયું તોફાન, ઘણા જનની લીધી જાન. ૧૭
[illegible]ડાસી હીંદુઓએ, [illegible]ો બચાવ કીધો જેઓએ;

ત્રણ હજાર રૂપીઆનું લીધું, જરીઆન વિન નુકશાન
કીધું. ૧૮
પછી પથર માર ચલાવ્યો, અલબલાગ માંહી કહેવાયો;
તહીંથી જે જે મુસલમાન નાઠા, તે તો સઘળા ગયા
સામટા. ૧૯
કપાવાળાનીજહી અગીઆરી, છે પારસીની કાંઈ હોશીઆરી;
તફી બીજુ ટોળુ જઈ લાગ્યુ, મીસ્ટર સાઉટરનું મન
જાગ્યું. ૨૦
તહીંથી હુલ્લડ જન અટકાવ્યા, સરકારે સંદેસા કાવ્યા;
તહીં તોફાન કરીયુ મોટું, કહ્યુ સાચુ નહી કેણુ ખોટું ૨૧
ટોળે ટોળાં રસ્તે અથડાએ, ખુન દેખી જનો ગભરાએ;
મુસલમાન મારે પારસીને, પારસી મારે નહસી નાસીને.૨૨
તહીં સેકડો મુસલમાન સીધી, જાદ્યે જાદવા રથળી
જેમ કીધી;
ગોપાલ નાનાની દુકાન લુટી, માંહે રાખી ન એક ખુટી.૨૩
બારીઓના કડકા કીધા, જેને ફાવ્યા તેમ તેને લીધા;
ઘોડાં તણો નાસજ કીધો, પોલીસે તે મારતા લીધો. ૨૪
પોલીસ ઘણી ગભરાએ, કારણ અહીં તહીં તોફાન થાએ;
એક સમે બીજું ઊભું થાએ, બીજુ અંહી તહીં નાસી
જાએ. ૨૫
પારસીઓને જખમ કીધા, તેને હોસપીટાલ મહીં લીધા

મારા મારીમાં પઠાણુ જબરા, નહીં આરબ તેથી નબ
ળા. ૨૬
એવું મુસલમાનોએ કીધું, છાપાવાલાએ પત્રે લીધું;
પછી એત વાડી મહી પેઠા, તેતો પારસીઓએ સઊ વે
ઠયા. ૨૭
ધોબી તલાવપર જઈ અડીઆ, કોઈ કોઈ પારસીને નડીઆ;
બાર ઊપર ચાર તો વાગ્યા,ભીડી બજાર મહી જાગ્યાં.૨૮
બંમનજીની અગોઆરી આવી, તહીં વઠવાડ કેવી મચાવી
એતવાડી તણા ઘર લુટયાં, મારા મારીમાં માથાં ફુટયાં.
૨૯
તંહીથી હઠયા મુસલમાન જયારે, સુક્રવારની સાંજ થઈ ત્યારે;
મારા મારીમાં જે હાથ આવ્યા, કેદી એકસો છાસટલાવ્યા
૩૦
આ પરમાણે પોલીસે કીધું, મીસતર સાઊટરનું કામ સીધું;
મીસતર સાઉટર જેવા સુધરેલ, તેનામાં બનીઓ આ એલ,
૩૧
તેના રાજની પ્રજા જેહ, સુખ પામે જરા નહીં તેહ;
ધર્મ તણા મકાનો ભાગ્યાં, પારસીના મનડાં જાગ્યાં ૩૨
પછી જેવાત થઈ તે કહીએ, પારસી સેઠીઆ સાથ લઈએ;
જોવા ગયા (જે) થયું નુકસાન, જોયા નજરે એજ
મકાન. ૩૩
પારસી સ્ત્રીઓ રડતી દીઠી, કેને આ વાત લાગે મીઠી;

જોઈ રૂપ સોના કંપે, મુસલમાન જરા નહીં જંપે. ૩૪

પેટનું બળ્યું ગામ બગાડે, એકઠા જન થઈને બગાડે:
હાહાકાર થયો ઘણો અહીંઆં, બંમનજીની અગીઆરી
છે જહીંઆં ૩૫

જોઈ કાળજડું જન બળતું, મુખે કહે ટોળું આ નટળનું;
મુંબઈનો જે એજીંગટંન, તેનુ ઉત્કૃષ્ટ છે ઘણું મન
૩૬

સરકારથી રીજમિટ મળશે ત્યારે હુલડ જાગેલું ટળશે;
ગવરનરના હુકમથી થાશે, રીજમીટ સાથ લશ્કર જાશે.
૩૭

પોલાસ કમીસનરને મળશે, જોઈએ તેટલી મદત જડશે;
જે કોઈ ખાતું નરમ હોય જયારે, બીજાની માગે મદત
ત્યારે ૩૮

તેનો વીચાર સરકાર કરશે, ભાઈઓ નહીં પસ્તાવું પડશે;
બાજે દીએ સનીવાર આવ્યો, થયું નુકશાન તેણે વધા
ર્યો. ૩૯

પારસીઓએ કરેલો બચાવ.

દોહરા,

બાગકોટને કોટમાં, એતીવાડી[1] સાર;
જાન બચાવા કારણે, સંપ કર્યો આચાર. ૧
સપે સંપી નિકળ્યા, જોવા હુલ્લડ બજાર;
કોના દેખી પોતીકી[2], બળી બીચારી નાર. ૨
બેરામજી જીજીભાઈ, ને વળી નાનાભાઈ;
જાએ કોકૂડે મારકીટે, અજાઇબખાને ધાઈ. ૩
તેથી ઉપર દેખીઉં, વળતી કર્યો વિચાર;
મળી આપાણુ સઘળા ગયા, ગવરનરની પાસ. ૪

ગવરનર પાસે ગએલા પારસીઓ.

મનહર છંદ.

બેરામજી જીજીભાઇ, સાથે દીનશાજી પીટી.
સર જમસેદ, જીજીભાઇ જે કહેવાએ છે,
આનરેબલ સેઠ, મંગળદાસ નથુભાઇ,

---

૧. એતવાડી. ૨ પોતાની જાતની.

અરજ કહેવાને મુખ, હળી મળી જાએ છું;
સલામ કરીને કહે, આતે રાજ આપનામાં,
વગર વાંકે, પ્રજા પારથીની મરી જાએછે;
મુસલમાને[1] મારી માર, કે લુટયાંજ ઘર બાર,
અંદર પેશીને ચોર, ચોરી કરી જાએ છે, 1

૨

પોલીસ કમીસનર, જાણીતો જે ગ્રેટર,
તેના હાથ નીચે આવું, ખુબ ઘાણી થાય છે,
માટે આપ ધાનમાંજ, લેશો પ્રજા તણી વાત,
વગર રળેલું અંન, વીણી વીણી ખાય છે;
વળી માર મારે ખુબ, માને નહી પોલીસનું,
એકદમ તુટી પડી, વિદ્યુત[2] જણાય છે,
દયા નહીં તેને મંન, કરે ખુન મારી ધાય,
મુસલમાનોનું જુલમ, જબર દેખાય છે. ૨

૩

ગવર્નર[3] સરકાર, વદે મુખ તેને વળી,
ફીકર ન કરો જરા, રહેજો સંપ સંપી,
ફકર છે તૈયાર, તેના ઉપરીને બધી,
ખરત થોડું સાથ, જે છે ન કુસંપી;
બુ છે એજ, ગયા જન જે જે તેહ,
સાંભળવા, રહ્યાજ ટંપ ટંપી,

1. વીજળી પેઠે. 3 ગવરનર.

ગેજટમાં [illegible], બીના [illegible] [illegible]
જેથી પારસીની પ્રજા, કોઈ કંઇક જંપી ૩

૪

વળી સનીવાર દીન, ગોળી તળાવ છે,
તેની પાસ હોરમજી, વાડીઆ કેવાય છે,
કરેલ વાડીની પાસ, ફરામજી કાવસજી,
તેનાતો આતસ પર, ટોળુ જવા થાય છે;
ટોળે ગયા પારસીઓ, બચાવ કરવા કાજ,
બંદોબસ્ત કરી એક, એક (ની) બાંહ્ય સાહેબ છે,
મુસલમાન સાથ ધેડ, મળી ખેતવાડી જઇ,
પણ બંદોબસ્ત જોઇ અહીં તહી જાય છે. ૮

દોહરા.

જતાતા બે મોબેદ, આંદરોડ જે દીશ;
તેને માર્યો માર ખુબ, નાસે નાખી ચીસ. ૧
તહીં આગળ ફાવ્યું નહીં, ત્યારે ચાલ્યા જાય;
આંદરોડ થાએટર, આગળ જઇ મકુરાય. ૨

પારસીઓ એજીંગટનની લીધેલી મુલાકાત.

છપો.

પેસ્તનજી ને વકીલ, ફરામજી એદલજી,
ડાકટર પેસતનજી, નસરવાન નવરોંજી¹,
કુળા વાળા દાદાભાઈ, તે પીતા પાલનજી,
રસ્તમજી ખંભાતી, તેનો પીતા પેસ્તનજી,
તે સઘળા ટોળે મળી, એજીંગટનનું જયાં જાય રે,
કહે મુખે વધતું થસે, તેનો શું ઉપાઓરે. ૧

દોહરો.

એજીંગટન મુખે કહે, પોલીસ કમીસનર;
તેના સ્વાધીન કરી, આપ્યું છે લશ્કર. ૧

ઘાએલ થએલા માણસો.

ચોપાઈ.

સેઠી આદજી આદરજી એક, માણેકજી મેરામજી છેક;
મરણ પાંમ્યો દાદાભાઈ, આએદીન અમેદ² કેવાઈ ૧

---

૧ નવરોજી. ૨ આમેદ.

ચારે બાજુ પોલીસ ફોજ, દેખાએ નજરે તે રોજ;
સોટરપર લખીઓ એક પત્ર, હુલડ થાએછે જ્યાં તત્ર.૨
વદે કાનસ્ટેબલ તે મુખ, પામ્યાં આખી રાતે દુખ;
એવું કહે બેરામજી જઇ, લશ્કર આ ખુ સુમેયઇ. ૩
અમણા બાગી પારસી જન, રંગ તુને સરકારછે ધંન
પણ બીજે દીને શું થાય,હુલડના જન મંગળ ગાય. ૪
રાત સનીની જાએ એમ નિંદ ન આવે તે જન તેમ;
સની નિસાતો એ ગઇ, રવીવારની વેળા થઇ. ૫

મુસલમાનનું મડદુ અને હુલડ.

હોરી.

ચાલ. સાંવરો આજ હું નહી આપો
મુસલમાને મડદુ બનાવ્યું. ટેક

બનાવ્યું જન જુગ સારૂ જગાવ્યું. મુસ. બના.
ચઢતે પોહોર રવીવાર દીન, એવું એક સુણાવ્યું;
મડદુ બનાવીને કાડે મુસલમાન, પારસી મન જણાવ્યું;
કહાં જઇ તે તે બીડાવ્યું, મુસલમાને મડદુ બનાવ્યું.
બના. ૧
પ્રથમ બાબવાલા મહી દીઠું પોલીસ જાણે તે આવ્યું,
સાચુ કે જુઠું કોઇ ન જાણે, જન કહે કણીયાએ આવ્યુ

હાહાકારે જણાવ્યું. મુસલમાને. બના. ૨
એકદમ મુમેશ્વરની આગળ, મડદું તે દર્શાવ્યું;
સામાં દેખી પારસી જન ચાર, કુંડ જુદ્ધ મચાવ્યું
પારસીએ (તે) કથળાવ્યું મુસલમાને. બના. ૩
સીદી જન મડદા મહી ઝાઝા, (જોણે) ઝરમર ઝર
વરસાવ્યું;
બાગ મહ્યો પારસીને જવા, મુમેશ્વર સુધ આવું;
બ્રાહ્મણોએ બાર અડકાવ્યું, મુસલમાને. બના. ૪
મુસલમાને કરી જીકીઆરી, પોલીસે જઈ અટકાવ્યું,
મોટું કરમ પારસીનું તેથી, હિંદુ મળીને હઠાવ્યું;
હીંદુઓએ જય કેવડાવ્યું, મુસલમાને બના. ૫
હીંદુ મુસલમાન કોઈ નહી દીન, છાપે છાપ છપાવ્યું;
આતશ બેરામની શી ગતી થઇ, તે સૌ પત્રે લખ્યું.
શ્રમે કરી મડદું જળવ્યું મુસલમાને બના. ૬

૨

મુસલમાન તકીથી જાય, ગલી સોનાપુર ભણી ધાય.
મુસ. ટે.ક
મુસલમાન હળી મળી સીદી, પાલીસ શું? નહીં ગણાય;
મુસલમાન ઘણા કાંઇ સીદી, હિંદુ ન મન ધરાય;
અરે ... ... આરામ, મુસલમાન ૧
કોઇના હાથમાં સોટાને સોટા, કાંગ ન પાર ગણાય;

વિકરાળ જાણે વાઘ સરીખા, કરેલવાડી જાય;
જરા ક્રોધ તેનો ન માય, મુસલમાનત. ગલી સો. ૨
પ્રથમ પારસી સૌ જાણતાના, બાહેર નહી નિસરાય;
મદદ પારસીઓએ બાળ્યુ, તોફાન (તેથી) મોટુ થાય
ગતી જેની ન લખાય, મુસલમાનત. ગલી સો. ૩
આતસ બીગરીઓ પણ બીજુ, રણછુર મંગળ ગાય,
રીજમીટ નંબર વીસમી આવી, સોટર સાથ જણાય;
બીજા કાન્સટેબલ ધાય મુસલમાનત. ગલી સો: ૪
મારામારી અહીં મોટી ચાલી, શ્રીફળ શીર ફુટાય;
અબળા કરી ધરતીપર પડતા, કોઈ કહે હાય હાય;
ભર્યું પીડ અહી છલકાય, મુસલમાનત. ગલી સો. ૫
લોખંડ હસ્ત ધરેલછે પારસો, મારે તે સીદીને ધાય;
વાંકડી મુછના મુસલમાન, તે લાલચોલ જણાય;
મરે ધરતી જે સમાય, મુસલમાનત. ગલીસો. ૬

—o—

રાજીઓ

આવી રૂડી અજવાળી સી રાતરે, મરશા બોલ્યો મધરાતનો
એ ચાલ.

હાય વાયરે મુબઈમાં દાન જાગીયુ,
પારસીઓ કરેરે વીચાર, બાઇ પીને જુદ્ધ લાગીયુ;
સોનાપુરની ગલી જે કેવાએ, તહીં વસે પારસી ઘણુ;

અન્યો અન્ય કરેરે વીચાર, એજગતનમાં શું મણું;
લસ્કરની ટુકડી ઘણી, જેના રંગીલા કે સરદાર;
રંગ જેણે અક્કા રાખીઓ, રાખે રંગ ધાર તરવાર.

મુબઇમાં. પારસી. ૧

પોલીસ જન ઘાએલ થયું, સીદો બણું કરેરે તોફાંન;
પોબા તળાવ ઊપર કઇ લીધા કોન્સટબલે બે જાન.

મુબઇમાં. પારસી. ૨

ભીડી બજારનાં રસ્તાપર, ફીજમીટ ઊભી તરેહવાર;
અસંખ્ય જન જોવા મલ્યા, જોઇ કરે મનમાં વીચાર.

મુબઇમાં. પારસી ૩

એજ પ્રમાણે ઊભી રહી, તે છે કોન્સટેબલની સાથ;
પુરતો બંદોબસ્તરે થવા, થાયે હજુ દીન તે રાત.

મુબઇમાં. પારસી. ૪

અદ્ગ્ગા ઉડી એક કોટમાં, તોફાનીઆ, આવે આણી પેર;
બળગટ પોલીસને થઓ, ધામ ધુમ મચી રહી શેર.

મુબઇમાં. પારસી. ૫

મંત્રો મહીં એવું આવીયું, ખીટીશ આ, રાજ જે કેહેવાએ;
પોલીસનો નહી દેખીઓ, બંદોબસ્ત નજરે જોવાય.

મુબઇમા પારસી. ૬

દીલગીરી થઇ લખીએ અમો, પડો મહી પડી એ છાપ;
તોડ ફોડ લુટે ઘણા, ઢાગે નવ સરકારની ધાક.

મુબઇમાં પારસી. ૭

લસકરની મદત અને તેનો દેખાવ.

ગરબી.

રાગ. સારૂ સરૂરે વડોદરા શેહેર, મુબઇ આલમેની.
જોઇ જોઇ લશકરની બાહાર, મુંબઇ શેહેર મહી;
ઘણી ઘણીરે તે તરેહવાર, નજરે જોઇ સહી.
વીસમી રીજમીટ કહેવાય, આવી મદત તે વારરે;
ગન છર બદુકસાથે કરગનં શસ્ત્ર તે હથીઆર ૧
મદત આવી પેલી મળી હોત ઝઘડો ન થાત બજારરે;
પ્રજા તણા ખુન ચોટા જોઇ, દીલગીરી જન આવાર.
મુબઇ. ૨
બારકોટ મહી છે સીદી, ખલાસી તે કઇ ઝાઝારે;
રાત તાણું તે ટોળુ આવ્યુ, તે તો રહ્યા છે સાજન.
મુબઇ. ૩
ગેજટ લખે વળી એક વાત, પરમ દીને તે આવ્યું રે;
જમાન ખાનામાં જઇ વસીયુ, હળી મળી દીન વરસાવ્યુ
મુબઇ. ૪
માટે સરકારને લખે છે ગેજટ, બંધ કરો ઉતરતારે;
ઉતર્યા તેને સોધી ઝાલી, કાઢો તે જન નડતા.
મુબઇ. ૫
રક્ષણ કરે સરકાર ખરે સુખ, રીજમીટ બીજી તેડાવેર

તેમ તેડાવી પુનેથી તે તહી, સુખી નહી છેડાવો.
મુંબઈ. ૬

રાત દીવસ રસ્તામાં રોજમીટ, ફરતી ફરે તે બજારરે.
સૌ મળીને સંખ્યા થઇ મોટી, ગણતાં એક હજાર.
મુંબઇ. ૭

પોલીસને દુખ મોટું આવ્યું, આવ્યું. હારીસ નેહરે;
સ્કોલર સ્કુલ મહી. નહીં જાએ, ઊપરી જેના તેહ.
મુંબઇ. ૮

શોમવારે શું થાસે તે, જખીએ પત્રો મહીંથાર;
રવીવાર દીન વીત્યો ભારી, રીજમીટ મદદ જહીંથી.
મુંબઇ. ૯

ભુજંગી છંદ.

કહું એક હાજી મણો નીચ જંન,
ન આવ્યો હથે તડું એ જંન તંન;
થયો સ્વર્ગ વાસી લખે પત્ર માહીં.
થયું દીન ત્યારે લખે પત્ર જયાંહી. ૧
અરેરે અરેરે અરેરે અરેરે,
ખરે આંશુ જાયે ખરેરે ખરેરે;
[illegible] જાય તેની જુવો ખાસ ભાઇ,

પઢે મુખ કુરાન [illegible] કાજી સાંઈ. ૨
પિતા નામ આમેદનો તેજ પુત્ર,
ગયો સ્વર્ગ વાસ થયો ઘર સુત્ર,
ન આવ્યો હજી જ્યાહરે તેહ હયાતી,
થશે મારી સાથ કોઈ શુજાતી. ૩
વતે ગઈ લાસ તેની તમશાણ,
ઘણા જન શ્રીમંત તે વાર જાણ;
હજારો મુસલમાન તેની પછાડી
કરે કીકિઆરી ઘણી તાળી પાડી. ૪

બચાવવાને સારૂ પલટણની ગોઠવણ.

દોહરો

પાયદળની તે વીસમી, ગામડિ પલટણ સાર;
નાકાં બાંધીને રહે, આ રીતે નિર્ધાર. ૧
મરીન જે બટાલીઆન, તેતો પોભી તબાવ;
પહેરે સાગરપર ફરે, સામુદરની[1] પાળ. ૨.
ચોથી ડીઆમીક સાઈફેલ, ત્રીજી ગ્યારીસન ગાર્ડ. ૩
ભયંકર નજરે પડે, ઊપરી હરતે સ્વોડ. ૩

---

૧. સમુદ્રની

કવીન રીજમાટને શુ થયું, કોલાબેથી સારઃ
અપિરોડ સ્ટેશન સુધી, રાખી જે નિધાર. ૪
લશ્કર બીજુ જોઇએ, છે તેની ગોઠવણ;
ટ્રેન મારફત આવશે, મુખ બોલે હવ હણ. ૫

નારાચ છંદ.

તોપો બંને સાથ રીજમીટ ગોરાએ તઆર છે,
હરૂ ગોળા સાથ તેતો ઘેરલો શણગાર છે. ૧
સરસ યુક્તિ સારી કીધી સરકારે આચાર જે.
રહે પોતીકા કામમા, તવીર પર નીધાર જે ૨
આ બંદોબસ્થી થયું, ખુશી ખરે જન શેરનુ.
બહાદુરી સરકારની છે કામ શમશેરનું. ૩
કોટ કોઇ પરદેશ નાસે આમ તેમ પારસી;
વાંદરાને મેમના જનને મને દરકાર શી. ૪
દેશી પલટણ એક આવી છે તે થાણાની વળી,
ગવરનર કમીશનથી સભા કરી હળીમળી. ૫

ગવર્નર ઈનફોરસીલની સભા અને વીચાર.

ઠુમરી.

રાગ. આજ છીરા મેરે મન બસ ગઈરે એ ચાલ.

સભા કૌંસીલ ઠરાવેરે. સભા.

ગવર્નર બાહાદુર ભલા. સભા.

સભા મહી શ્રીમંત સરદાર, ગવર્નર પ્રમુખ કંઈ સાર;
સોટરે કહયો જે વિચાર, સો મનમાં તે સમાવેરે.સભા. ૧
તાબુત સઘળાં બંધજ કરવાં, જે બોલે તેનાં હણવા;
સભા થઈ બરખાશ, શભાસદ મંન ધરાવેરે. સભા. ૨

ગરબી.

રાગ. જોયું જોયુંરે કોલા પુર શેર. વડોદરે.
ચાલ સુરતી.

આવી આવીરે પુનેથી એક, હય પર બેસીને,
રીજમીટ તે મુંબઈ શેહેર, સુખ થાય દેશીને. ટેક
ઘોડેસ્વાર જન એક સોપસ્યા, ખરે તે હીંદુસ્થાનીરે;
કરમો ધરેલ બંધુક ભારી, કેડે સહસ્ત્ર તાણી હય. આ.૧
ટંકસાલ આગળ બે તોપો, રાખી રીજમીટ(ને) કામરે.
તરેહ તરેહનો કર્યો બંદોબસ્ત, શેહેર તણી ગલી ઠામ.

હય. આ. ૨

સ્કુલ રહી દીન ચાર બંધ જે, ગવરન્મેટ કહેવાયરે;
દુકાન કોઇ કોઇ બંધ રહીતી, હાકીમ નજરે જોવાય.

હય. આ. ૩

ચાર હજાર લસ્કરની સંખ્યા, થઈ મુંબઈ મોઝારરે;
બહાર થકી સઘળી તે આવી, નજરે જોઇ નિરધાર.

હય. આ. ૪

સઘળો બંધોબસ્ત થયો, તોપણ પણ ચુકે ન દાવરે;
મુસલમાનનું જબરૂ ઝુનડ, અન્યો અન્ય કરી ધાય

હય. આ. ૫

વિલાયતથી પણ રીજમીટ આવી, એતાલીસમી તેહરે;
ખબર થઇ દુનિઆમાં સઘળે, જાણ્યું દીન આ જેહ.

હય. આ. ૬

મુસલમાનોએ કરી સભા એક, બંગલા માહીં સારરે;
મહમદ અલી રોગેનો તો તે, શ્રીમંત તે સરદાર.

હય. આ. ૭

સભાસદો મળીં જે જે નર છે, તેમાં કોઇ સદગ્રહસ્થરે;
કગત મુખે તેણે લેઇ કીધો, સર જમસેતજી ધર્મહસ્ત.

હય. આ. ૮

આગા પારસી થઇ મુસલમાન, સલાહ કરવા કાજરે;
સર જમસેદજીએ જબાબ આપ્યો કીતુર કરે જન લાજ.

હય. આ ૯

પારસીએ નહ ઉઠાયુ ફીતુર, માટે નહીં મુજ કામરે;
સલાહ કરો સહુ મુસલમાન થઈ, ત્યારે કરશો કામ.

હય. આ. ૧૦

સભા મેલવવા આ એક જનને, સોંપ્યું તે હુંશીઆરરે;
ઓનરએબલ નારણ વાસુદેવ, કબુલ કરે આવાર.

હય. આ, ૧૧

મુસલમાન આગેવાન થઇને, સભા બનાવી આ તવરે;
અહમદખાનાં બંગલામાં, આ તવ ખુશી થઇ.

હય. આ. ૧૨

મુસલમાનોની મળેલી સભામાં
થએલો વીચાર.

કુંડળીઓ.

નારાયણ વાસૂદેવ, આનરએબલ તેહ;
હાજર બંને એ થયા, ડાકટર બજાની જેહ;
ડાકટર બજાની જેહ, સભાસદને મુખવદીઆ;
તમો થશો તઇયાર, પારસી નહીં જન ખમીઆ;
રે પારશી શભા, તમે તહી આવો સાર;

ત્યારે ખુશી થાય, સભાસદના બેસનાર. ૧

૨

મીસ્તર બદરદીન કહે, માનું છુ ઊપકાર,
આનરએબલનો વળી, કાજીને કહુ વાર;
કાજીને કહું વાર, મુરખને રે સમજાવો;
કરે નહી ફીતુર, શિષ્ય તેવીજ ભણાવો;
ધર્મ લહી મન માંહ, લખીયુ છે શુ સાસ્તર,
વાહ વાહરે તને, ભલા બદર દીન મીસ્તર. ૨

સરકારી બંદોબસ્ત.

દોહરો.

સો મનીને આગોઆ, ઘોડેસ્વાર પલટણ;
સંખ્યા તે શત ચારની, હય બોલે છ હણ હણ. ૧

રાગ રામગ્રી.

જુગતે જમીઓ જામની, નેશદ નાથની નાર. એ ચાલ.
સરસ કરી જુગતી અહીં, તો મુંબઇ શેહેર;

લખવાને મન થાયછે, મનમાં આણી પેર. શગ. ટેક.
નામદાર રાણીના નામની, રીજમીટ જે કહેવાય,
એકવીશમી સીપાઇનો, નજરે આ જોવાય.
સર. દે. લ. ૧"

કરવા તેને હથીઆર બંધ, નવ કીધુંછે શેહેર;
આ દીન ભાગ્યું શું થયું, જોયું એણી તે પેર.
સ. દે. લ. મ. ૨

ગાનઠી પલટણ જણ પચાસની, કારણે રાખી બજાર,
આઠની જે પલટણને, મળ ગામ નિરધાર
સ. દે. લ. મ. ૩

ટુંગાણી પાડનારને, મારૂ સરનાપર.
બંને શોભન બાગજ કરી, રાખી ભાયખળાપર.
સ. દે. લ. મ ૪

કોટમા ખાલન બાગને. લઇ કર શસ્ત્ર સાર,
રૂનતા રાખ્યા નાઇન્સઠરેટને શેહેર માંહી બજાર.
સ. દે. લ. મ. ૫

ફીતુર જો જન આહીં કરે, ત્યારે (તે) વાપરે શસ્ત્ર,
હુકમ સઘળો સ્થાપન, ધરપે નાઇન્સઠરેટ. સ. દે. લ. મ. ૬
વળી રાતના આઠ કલાકથી, બીજે દીન છકલાક,
કાનસ્ટેબલ લશ્કરને હુકમ રેવા તૈઆર. સ. દે. લ. મ. ૭
યુરોપીઅન લશ્કરની એક ટુકડી સાર,
બને તેઃ તેના સ્વાધીન, * ચેનટ પેથન સાથ.

સ. દં. ન. મ. ૮

ગાંપબળા તે આગળ, જઈ ઉભી હતીજ,
ત્યારે બાજુ આ રીતે બંદોબસ્ત કરીજ. સ. દં.ન. મ. ૯
ગામ હાલમ ફરતા ફરે, ઘોડેસ્વાર પલટણ,
તાબુત હીન છે જ્યાં સુધી, ત્યાં સુધી આરામ.

સ. દં. ન. મ. ૧૦

હાલ તાબુત બંધ કર્યાં સાંભળ્યું.

ગરબી.

રાગ બોલો ને બાવા મારા સ્વામી બોલો એ ચાલ.
બંધ કરવા તાબુત હુકમ થયો બંધ કરવા તાબુત. ટેક
પંચ બનાવી જન તાબુત હુકમ. બં. ૧
જરૂર કરવી સારી ગોઠવણથી, જુમા મસીદ સુક્રવાર.
હુકમ. બં ૨
જુમા મસીદમાં આંજન સત છત્રીસ, બંદગી કરવા ખાસ.
હુકમ. બં. ૩
બંદગી કરીને ચાલ્યા ગયા, તે તોફાન વિન તે સાર.
હુકમ. બં. ૪

તોપણ ગેજટથી સાંભળ્યું જે, ફરી ખગ તાબુત ફુંકાય
નિરભય નિસદિન આપક ગણી, રામ ધરો મન માંય
" " " ઠુમર. ૧ ૬

સલાહ થઇ તે વિશે.

દોહરો.

બંધ કર્યા આ વર્ષમાં સરકારે તાબુત,
વરતે કર્યા શહેરમાં, રહે જન સૌ સાબુત

ઉપેંદ્રભુજંગ છંદ

"સારી રીતે માનીએ આહી તારો,
નારણ,* વાસુ, જગ માંહી સારો"
નાહી હતો ત્યાંહી તેં પ્રેમ કીધો,
સમેરથી જસ જસ માંહ લીધો. ૧
જે જે થયો મુંબઇ માંહી ફેર,
તે તેં મટડી કરી લીલા લ્હેર;
કર્યાં પરસી મુસલ રસ્તો સીધો,
શહેરથી ભરી જશ કાંઇ લીધો,
સભા મહીં ડાકટર[1] બનાની કાંઇ,

---

* નારણ વાસુદેવ, ૧ ડાકટર,

જેની વખગુણ અનુરાઈ.

જને પામીને પ્રેમનો પ્યાલો પીધો,
શુકોએ જશ જશ કાંઈ લીધો. ૩

નિર્ભય આ દુનિઆ માંહીં એવા,
પરમાર્થના કામમાં એવા રહેવા;
ઘાડા થકી જયજય આંહીં કીધા,
સકોરથી જશ જશ કાંઈ લીધા. ૪

ભાગ પેહેલો. સમાપ્ત.

જાહેર ખબર

આ પુસ્તક નીચે લખેલી જગાએથી મળશે.

મુંબઈમાં કાળકાદેવીના રસ્તાપર દરેક ચોપડી વાળા
ના દુકાનેથી
તથા ભુલેશ્વર સ્કુલના માસ્તર નરભેરામ કા
શીરામ પાસેથી મળશે.

વલસાડમાં ત્યાંના તાલુકા સ્કુલના હેડમાસ્તર પાસેથી
મળશે.

નવસારીમાં ત્યાંના સરકારી નિશાળના માસ્તર પાસે
થી મળશે.

અમદાવાદમાં કવિશ્વર દલપતરામ ડાયાભાઇ, ગુજરાત વ
ર્નાક્યુલર સોસાઇટીના આ. સેક્રેટરી સાહેબની ઓફીસમાં
થી મળશે.

નરભેરામ કાશીરામ